# યોહાનનો ત્રીજો પત્ર

જેના પર હું સત્યમાં પ્રેમ રાખું છું,
તે પ્રિય ગાયસ જોગ લખિતંગ વડીલ તરફથી કુશળતા:
2મારા પ્રિય મિત્ર, હું જાણું છું તારો આત્મા કુશળ છે. તેથી
હું પ્રાર્થના કરું છું કે તું બધી રીતે કુશળ રહે. અને હું પ્રાર્થના
કરું છું કે તું તંદુરસ્ત રહે.3કેટલાએક ખ્રિસ્તમાં ભાઈઓ આવ્યા
અને તારા જીવનના સત્ય વિષે મને કહ્યું. તેઓએ મને કહ્યું
કે તું સત્યના માર્ગને અનુસરી રહ્યો છે. તેથી હું ઘણો ખુશ
થયો. 4જ્યારે હું સાંભળું છું કે મારાં બાળકો સત્યના માર્ગને
અનુસરે છે ત્યારે મને હંમેશા સૌથી વધુ આનંદ થાય છે.

5મારા પ્રિય મિત્ર, તું ખ્રિસ્તમાં ભાઈઓને માટે હા, પારકા
ભાઈઓને માટે પણ, તું જે કંઈ કરે છે તે તું વિશ્વાસ કરનારને
યોગ્ય કામ કરે છે. તું જેને જાણતો નથી. એવા ભાઈઓને
પણ તું મદદ કરે છે. 6આ ભાઈઓએ મંડળીને તારા પ્રેમ
વિશે વાત કરી છે. કૃપા કરીને તેઓનો પ્રવાસ ચાલુ રાખવામાં
તેઓને મદદ કર. દેવ પ્રસન્ન થાય તે રીતે તેઓને મદદ કર.
7આ ભાઈઓ ખ્રિસ્તની સેવા કરવા માટે આજુબાજુ પ્રવાસ
કરી રહ્યા છે. તેઓ જે લોકો વિશ્વાસીઓ નથી તેઓની કોઈ
પણ પ્રકારની મદદનો સ્વીકાર કરતા નથી. 8તેથી આપણે આ
ભાઈઓને મદદ કરવી જોઈએ. જ્યારે આપણે તેઓને મદદ
કરીએ છીએ, ત્યારે આપણે તેઓના સત્ય માટેના કાર્યમાં
સહભાગી થઈએ છીએ.

9મેં મંડળીને પત્ર લખ્યો છે. પણ દિયોત્રફેસ અમે જે
કહીએ છીએ તે ધ્યાનપૂર્વક સાંભળતો નથી. તે હંમેશા તેઓનો
આગેવાન થવા ઈચ્છે છે. 10જ્યારે હું આવીશ, ત્યારે હું
દિયોત્રફેસ શું કરે છે તે વિશે કહીશ. તે જૂઠુ બોલે છે અને
અમારા વિષે ભૂંડું બોલે છે. પરંતુ તે જે બધું કરે છે તે
એટલું જ નથી! તે જે ભાઈઓ ખ્રિસ્તની સેવાનાં કામો
કરે છે તેઓને મદદ કરવાની પણ ના પાડે છે. દિયોત્રફેસ
પેલા લોકો જે ભાઈઓને મદદ કરવા ઈચ્છે છે તેઓને
પણ અટકાવે છે. અને તે લોકોને મંડળીમાંથી (વિશ્વાસીઓનો
સમૂહ) બહિષ્કૃત કરે છે.

11મારા પ્રિય મિત્ર, જે ખરાબ છે તેને અનુસરો નહિ; જે
સારું છે તેને અનુસરો. જે વ્યક્તિ સારું છે તે કરે છે તે દેવથી
છે. પણ જે વ્યક્તિ દુષ્ટ કાર્ય કરે છે તેણે કદી દેવને ઓળખ્યો
નથી.

12બધા લોકો દેમેત્રિયસ વિષે સારું બોલે છે. અને તેઓ
જે કહે છે તે સાથે સત્ય સંમત થાય છે. આપણે પણ તેના
માટે સારું કહીએ છીએ. અને તમે જાણો છો કે આપણે જે
કહીએ છીએ તે સાચું છે.

13મારી પાસે ઘણું છે જે મારે તમને કહેવું છે. પણ
હું શાહી અને કલમનો ઉપયોગ કરવા ઈચ્છતો નથી.
14હું જલ્દીથી તારી મુલાકાત લેવાની આશા રાખું છું. પછી
આપણે સાથે મળીને વાતો કરી શકીશું. 15તને શાંતિ થાઓ.
જે મિત્રો અહીં મારી સાથે છે તેઓ તને ક્ષેમકુશળ કહે છે.
મહેરબાની કરીને ત્યાંના દરેક મિત્રોને વ્યક્તિગત રીતે અમારો
પ્રેમ અને ક્ષેમકુશળ કહેજે.